# પાકીઝા સીરતનો નૂરાની ચેહરો

# -: દાઢીઃ-

દાઢી મુમિનનાં ચહેરાની ઝીનત છે. ઈમાનનો અને દીને ઈસ્લામનો તરીકો અને શેઆર છે. અલ્લાહના વલીઓની સુન્નતે મોઅક્કેદા છે. તે ઈન્સાનનાં મોભા, રોઅબ અને શખ્સીયતમાં ઉભાર લાવે છે. અલ્લાહ તઆલાએ તખ્લીકે ઈન્સાનમાં મર્દ અને બૈરોમાં જે બાઝ ઈમ્તેયાઝાત અને ફર્ક રાખેલો છે તેમાં દાઢી અહમ છે, જેના સબબ ઈન્સાન મર્દ-બૈરોમાં તમીઝ કરી શકે છે. **આ અદલે ઇલાહી છે; કુદરતી ઇન્સાફ છે.**

મઝહબે અહલે બૈત (અ.સ.) માં વુઝૂ કરતી વક્ત દાઢીમાં ખેલાલ કરી પાનીને ચેહરાની ચામડી તક પહોંચાડવાનું ફરમાન આવેલું છે. જનાઝામાં ખુશ્બો મૂકવાની જગાઓમાં દાઢીનાં અંદરૂની હિસ્સાનો પણ શુમાર થાય છે. નમાઝ દૌરાન જો કોઈ દાઢીથી રમત કરે તો નમાઝમાં કુસૂર થાય છે. આ અખ્બારથી નક્કી થાય છે કે, દાઢીનું રાખવું લાઝમી છે અને ફિકહે ઈમાનીનો મુસ્તહબ અમલ છે. જો કોઈ આ માઅલૂમાત રાખવાને બાવુજૂદ દાઢી કતરે યા મુંડાવે તો તેએ સુન્નતે અંબિયા, ઔસિયા, અઈમ્મત અને દોઆતે હોદાત સલવાતુલ્લાહે અલયહિમ ને ફરામોશ કીધા મુજબ છે. મુમિન તે જ છે કે જે ચેહરા અને લિબાસનાં એઅતેબારથી કામિલ છે. સફેદ ફાખિર લિબાસ જો નિહાયત ઉમદા તૌરથી પહેરવામાં આવે અને આ સાથે ચેહરએ અન્વર પર દાઢીની ઈમાની અલામત હોય તો મુમિન કોઈ પણ મકામ-મકાનમાં જાય તો તેની શિક્લો શમાઈલની કમાલીયતના સબબ તેના રોઅબમાં ઈઝાફો થાય છે અને અકસર અવકાત તેના કામમાં સુહૂલત અને કમાલીયત આવે છે. લોગોની નઝરમાં તેની ઈઝ્ઝત અને અઝમત પૈદા થાય છે અને મોહબ્બતથી તેનો ઈસ્તિકબાલ થાય છે. **દાઢીથી મેહરૂમ શખ્સોની મઆશેરામાં અને ગૈર ઇસ્લામી સમાજમાં કોઇ ખાસ પહેચાન કાઇમ થાતી નથી અને તેની શખ્સીયત નામુકમ્મિલ-નાકિસ લાગે છે.**

આગલી ગૈર ઈસ્લામી કૌમોમાં દાઢી રાખવાની એટલી એહમીયત હતી કે, મોટા મશ્હૂર સાયન્સદાનો અને ફિલસુફો દાઢીથી ચેહરાને ઝૈબ આપતા હતા જેમાં તેઓને કોઈ એઅતરાઝ પૈશ આવતો નહોતો, આ સિવાય ગ્રીસ-યૂનાનનાં આલિમો અને હકીમોના ચેહરાઓ દાઢીથી મોઝય્યન હતા. મગરિબી તમદ્દુન અને કલ્ચરની અસરને માતહત આજના મોડર્ન ઝમાનાનાં લોગોની દાઢી રાખવા તરફ બેરૂખી વધતી ચાલી છે અને બેહયાઈ તેમજ નામર્દગી નો ખુલ્લમ ખુલ્લા મુઝાહેરો કરે છે. તેઓને પોતાના ચહેરાની દાઢી ઐબ લાગે છે અને ચેહરાને ઝીનત બખ્શવાને બર ખિલાફ જિસ્મના બીજા હિસ્સાઓને ઝીનતદાર બનાવે છે. બાઝ ઈસ્લામી મસ્લકનાં લોગો એ તો મૂંછો મુંડાવવાની બિદઅત કીધેલી છે. ઈસ્માઈલી ફિકહની કિતાબોમાં અહલે બૈત (અ.સ.) થી રિવાયતો વારિદ થયેલી છે કે, "**મૂંછોના બાલ ઉપલા હોંઠ પર લટકવા ન દો અને મૂંછના છેડાઓ જે હોંઠની બાજુ પર નીકલે તેને લંબા કરી દાઢીના બાલ સાથે મીલાવી દો.** અલ્બત્ત ચેહરો ઉસ્તવાર કરીને વધારાના બાલને કાપવું મુસ્તહબ્બ છે, પણ દાઢીની લંબાઈને કતરી નાંખવું નાજાઈઝ છે." ૪૧માં દાઈયુલ મુત્લક સૈયદના ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની દાઢી એટલી દરાઝ હતી કે, આપ તેને વાલીને આપનાં દામનનાં જામામાં નાંખી દેતા હતા અને જે વક્ત હજામત બનાવતાં તો એક પણ દાઢીનો બાલ કપાય નહીં એનો ખાસ ખયાલ રાખતાં હતા.

આજનું નવું પાગલપન અને જુનૂન એ છે કે, હર કોઈ શખ્સ હર વક્ત જવાન દેખાવવાની ઉમ્મીદ રાખી બેસેલો છે, જે હકીકતમાં બની શકતું નથી ! મગર ચંદ ગાફિલો ફેશનના રંગમાં રંગાઈને પોતાના બાલને કલર કરાવે છે યા ચંદ જવાનીના શૌકીન પોતાના સફેદ બાલોને છુપાવવા વાસ્તે તેને કાલો રંગ કરી ખિઝાબ લગાવે છે જે એક બદઅમલ છે, નાદાની છે ! દાઢીમાં સફેદ બાલ આવવા એ બુઝુર્ગીની નિશાની છે અને પરહેઝગારી તરફ દાઅવત છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ત્રણ અમલ કરવાથી અલ્લાહતઆલા બંદાના ઈમાનના નૂરને બુઝાવી દે છે, (૧) રિશ્તેદારો સાથે તઅલ્લુકાત તોડી નાખવા (૨) ઈજાઝત બગૈર કોઈના ઘરમાં નઝર કરવી અને (૩) માથા યા દાઢીના સફેદ બાલ ને કાલા કરવા. મુમેનીન એવી જ આદત અને ખસ્લત ઈખ્તેયાર કરે કે તેની હિદાયત હમને હમારા પ્યારા રસૂલ આપી ગયા છે.

જમાઅતનાં અંદાઝન ૪૦ ફીસદ મુમેનીન હજ્જે બયતુલ્લાહથી ફારિગ થયેલા છે. હજ્જ પર જાતા પહેલા ૩-૪ મહિનાને કબ્લ દિલને મનાવવા વાસ્તે દાઢીની નિશાનીને બતાવે છે. હજ્જથી ફારિગ થઈને આવે છે તો ચેહરો દાઢીના નૂરથી ઝીનતદાર હોય છે અને માથા પર ટોપી તેમજ સફેદ ફાખિર લિબાસથી ઝૈબતન હોય છે. પણ બાઝ બિદઅતી, શરીર અને શાતિર લોગોની સોહબત અને તાઅનાઝનીથી યા પોતાની મનમાનીથી પહેલે **લિબાસ નો રંગ બદલાઇ જાય છે અને તે બાદ ચેહરાનો ઢંગ !** દાઢી ચેહરા પરથી ગાયબ થઈ જાય છે અને ફક્ત થોડા બાલ બાકી હોય છે ! થોડા ઈધર થોડા ઉધર.....!! જેમ કહેવાય છે કે, હામેલાનું હમલ અગર પડી જાય તો તે હામેલા પણ નથી રહેતી અને માઁ પણ નથી બનતી એવી હાલત આ દાઢી મુંડાઓની થાય છે ! અલ્લાહની પનાહ, હઝાર હઝાર આહ...! ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ ફરમાવું કે, "કયામતનો દિન હશે, હમેં અને તમો હોઈશું. હમારૂં દામન તમારા હાથમાં હશે અને હમો તમને કઈ તરફ લઈ જઈશું, જાણો છો ? જન્નતની તરફ, ઝરૂર જન્નતની તરફ જ." અલ્લાહતઆલા આલે મોહમ્મદ (સ.અ.વ.વ.) ના દામનને હમારા હાથમાં રાખીને નૈક આઅમાલથી સૂરતની કમાલીયત અને હકીકી ઈલ્મથી નફસના નૂરમાં ઈઝાફો કરવાની નૈક તૌફીક ઈનાયત કરે. આમીન.... ★